# <u>અખબારી યાદી</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરની યાદી જણાવે છેકે આગામી માર્ચ-૨૦૧૬ માં લેવાનાર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાના આવેદનપત્રો **તા-૧૩/૧૦/૨૦૧૫ થી ૧૧/૧૨/૨૦૧૫** દરમ્યાન **ON LINE** ભરવાની પ્રકિયા શરૂ થનાર છે શાળાઓએ નિયમિત/રીપીટર/ અને પૃથ્થક ઉમેદવારના ફોર્મ ભરે તેની સાથે ખાનગી નિયમિત અને ખાનગી રીપીટર વિધાર્થીઓના ફોર્મ પણ ભરવાના રહેશે. આવેદનપત્રો બોર્ડની વેબસાઇટ **<u>hscexamreg.gseb.org</u>** પરથી ભરી શકાશે.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨(સા.પ્ર)ના નિયમિત વિધાર્થીઓની બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ ખાનગી ઉમેદવારો (ખાનગી રેગ્યુલર/ખાનગી રીપીટર)ની પરીક્ષા બોર્ડ દ્વારા અલગથી લેવામાં આવશે.

**ખાનગી (ખાનગી રેગ્યુલર/ખાનગી રીપીટર)ની પરીક્ષાનો કાર્યક્રમ અલગથી બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવશે.**

શાળાના આચાર્યશ્રીઓને પરીક્ષાના આવેદનપત્રો ભરવા સંદર્ભે માર્ગદર્શન આપવા માટે બાયસેગના માધ્યમથી **તા-૧૫/૧૦/૨૦૧૫ના** રોજ **૧૧:૦૦** કલાકે બોર્ડ દ્વારા આયોજન કરેલ છે તેનો લાભ લેવા પણ સૌને વિનંતી છે.

**પરીક્ષા સચિવ**
**ગુજરાત માધ્યમિક અને**
**ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**ગાંધીનગર.**